**RCS- 137/2022**

GJKT090017582022

| | | | |
|---|---|---|---|
| રજુ કર્યા તારીખ: | ૨૦ | ૧૨ | ૨૦૨૨ |
| દાખલ કર્યા તારીખ: | ૨૦ | ૧૨ | ૨૦૨૨ |
| ફેસલ કર્યા તારીખ: | ૨૧ | ૦૨ | ૨૦૨૬ |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૩ | ૦૨ | ૦૧ |

---

**ભચાઉ મહે. એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં,**

**મુ. ભચાઉ–કચ્છ.**

---

**રે. દિ. મુ. નંબર :૧૩૭/૨૦૨૨**

**આંક : ૧૯**

**વાદી:–** પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, તે
ભારતીય કંપની એકટ ૧૯૫૬ તળે નોંધાયેલી કંપની,
હે.નાના મવા મેઈન રોડ,લક્ષ્મીનગર,
રાજકોટ–૩૬૦૦૦૪
તે તેના નાયબ ઈજનેર, ભચાઉ પેટા વિભાગ,
તા.ભચાઉ–કચ્છ મારફતે.

**::વિરૂધ્ધ::**

**પ્રતિવાદી:–** પ્રજાપતિ કનૈયા દેવજી,
રહે. હિંમતપુરા, ભચાઉ, તા.ભચાઉ–કચ્છ.

**દાવો :–** **લેણી રકમ વસુલ કરવા માટેનો...**

---------------------------------------

**વાદી તરફે વિ. વકીલ શ્રી ડી.બી.જોગી**

**પ્રતિવાદી તરફે વિ. વકીલ શ્રી  એકતરફી.**

---------------------------------------

**<u>-:: ચુ કા દો ::-</u>**

(૧) વાદીના દાવાની ટુંક હકીકત એવી છે કે, આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક છે અને પ્રતિવાદીને તેમની માંગણી મુજબ વીજજોડાણ આપવામાં આવેલ હતું અને પ્રતિવાદીને વીજ વપરાશના બીલો વખતો વખત આપવામાં આવતા હતા જેપ્રતિવાદીએ  નિયમીત વાદી કંપનીમાં ભરપાઈ કરવાના હતાં.

(૨) પ્રતિવાદીને નવેમ્બર, ડિસેમ્બર-૨૦૧૯ થી સપ્ટેમ્બર, ઓકટોમ્બર-૨૦૨૨ સુધીના સમયગાળાના આપવામાં આવેલ વખતો વખત વીજ વપરાશના બીલોની ડીલે પેમેન્ટ ચાર્જસની રકમ સહિત બાકી કુલ્લે રૂ.૧૬,૮૭૭.૫૪/- (અંકે રૂપિયા સોળ હજાર આઠસો સીત્યોતેર અને ચોપન પૈસા પુરા) ની રકમ પ્રતિવાદી નિયત સમય મર્યાદામાં વાદી કંપનીને ચુકવી આપવામાં નિષ્ફળ નિવડેલ જે વાદી કંપનીના પ્રતિવાદી પાસે કુલ બાકી લેણા રહે છે. જે ભરપાઈ કરવામાં પ્રતિવાદી નિષ્ફળ ગયેથી પ્રતિવાદીનુ સદરહુ વીજ જોડાણ વાદી કંપની ધ્વારા જરૂરી નોટીસ આપી તેનું તા. ૦૭/૦૩/૨૦૧૯ ના રોજથી કાયમી ધોરણે કાપી નાંખવામાં આવેલ તેમ છતાં પ્રતિવાદી તરફથી વાદી કંપનીના વીજબીલના વપરાશની લેણી રકમ ભરવામાં નહી આવતાં વાદી કંપનીના

એડવોકેટ મારફતે પ્રતિવાદીને તા. ૦૧/૦૭/૨૦૨૨ ના રોજ નોટીસ આપવામાં આવેલ હતી. આમ, પ્રતિવાદીએ નોટીસમાં જણાવેલ બાકી લેણાં વાદી કંપનીમાં ભરપાઈ નહીં કરતાં હાલનો દાવો લાવી દાદ ગુજારેલ છે.

(૩) આ કામના પ્રતિવાદીને હાજર થવા નોટીસ કરવા છતાં આ કામના પ્રતિવાદીને નોટીસ બજવા ન દેતાં આ કામના પ્રતિવાદીને વાદી સંસ્થા દવારા જાહેર સમન્સની અરજી આપતાં તે મંજુર કરવામાં આવેલ હતી અને જાહેર સમન્સ પ્રસિધ્ધ થયાં છતાં આ કામના પ્રતિવાદી તરફે કોઈ હાજર ન થતાં હાલનો દાવો એક તરફી ચલાવવા માટે હુકમ કરવામાં આવેલ હતો.

(૪) દાવાના કામે વાદી તરફે નીચે મુજબનો મૌખિક પુરાવો તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૨ | જેકીનપુરી ત્રંબકપુરી ગોસ્વામીના પુરાવાનું સોગંદનામું |
| ૨ | ૧૩ | વાદી તરફે આંકે પાડવાની અરજી |
| ૩ | ૧૪ | પ્રતિવાદીના બીલની સ્ટેટમેન્ટ કોપી |
| ૪ | ૧૫ | પ્રતિવાદીને કરેલ નોટીસની કોપી |
| ૫ | ૧૬ | પરત આવેલ પોસ્ટનું કવર |
| ૬ | ૧૭ | પ્રોફોર્મા–૧૨ ની કોપી |
| ૭ | ૧૮ | કલોઝીંગ પુરશીશ |

(૫) આ કામના પ્રતિવાદી તરફે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલો નથી.

(૬) આ કામે નામ.કોર્ટ ધ્વારા આંક–૧૧ થી નીચે મુજબના મુદ્દા ફ્રેમ કરવામાં આવેલ છે.

(૧) શું વાદી કંપની પી.જી.વી.સી.એલ પુરવાર કરે છે કે, વાદી ક પનીપી.જી.વી.સી.એલના પ્રતિવાદી પાસે કાયદેસરના લેણાં નીકળે છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે,વાદી કંપની પી.જી.સી.એલનાઓએ પ્રતિવાદીને નોટીસ આપવા છતાં આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીના કાયદેસરની લેણી રકમ ચુકવી આપેલ નથી ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે પ્રતિવાદી પાસે થી વાદી પી.જી.વી.સી.એલ કંપનીની કેટલી રકમ કાયદેસર રીતે વસુલવા પાત્ર છે ? અને કેટલા દરે ?

(૪) શું વાદીઓ દાવા અરજીમાં જણાવેલ દાદ મેળવવા હકદાર છે?

(૫) શું હુકમ અને હુકમનામુ.?

**(૭)** ઉપરોકત મુદાઓના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) અંશત: હકારમાં

(૪) અંશત: હકારમાં

(૫) આખરી હુકમ મુજબ.

**:: નિર્ણય માટેના કારણો ::**

**મુદ્દા નં– ૧ અને ૨ સંબધેની ચર્ચા**

(૮) દાવાના કામે વાદી કંપની તરફથી રજુ કરવામાં આવેલ દાવા અરજીની

હકીકતો ધ્યાને લેતાં આ કામના પ્રતીવાદી તેમના માન્ય ગ્રાહક હતા અને તેઓને ગ્રાહક નંબરની ફાળવણી કરવામાં આવેલ હતી અને પ્ર તીવાદીને વીજ વપરાશ મુજબ વીજ બીલ આપવામાં આવતા હતા જેની ચુકવણી પ્રતીવાદીએ નિયમીત રીતે વાદી કંપનીમાં ભરપાઈ કરવાની હતી. આથી પ્રતિવાદી પાસે સ્ટેટન્ટમેન્ટમાં જણાવ્યા મુજબના સમયગાળાના આપવામાં આવેલ વખતો વખત વીજ વપરાશના બીલોની ડીલે પેમેન્ટ ચાર્જસની રકમ સહિત બાકી કુલ્લે રૂ.૧૬,૮૭૭.૫૪/– (અંકે રૂપિયા સોળ હજાર આઠસો સીત્યોતેર અને ચોપન પૈસા પુરા) ની રકમ પ્રતિવાદી નિયત સમય મર્યાદામાં વાદી કંપનીને ચુકવી આપવામાં નિષ્ફળ નિવડેલ વાદી કંપનીના પ્ર તિવાદી પાસે કુલ બાકી લેણા રહે છે. જે ભરપાઈ કરવામાં પ્રતિવાદી નિષ્ફળ ગયેથી પ્રતિવાદીનું સદરહું વીજ જોડાણ વાદી કંપની ધ્વારા તેનું તા. ૦૭/૦૩/૨૦૧૯ ના રોજથી કાયમી ધોરણે કાપી નાં ખવામાં આવેલ તેમ છતાં પ્રતિવાદી તરફથી વાદી કંપનીના વીજબીલના વપરાશની લેણી રકમ ભરવામાં નહી આવતા વાદી કં પનીના એડવોકેટ મારફતે પ્રતિવાદીને ઉપરોકત આંક–૧૫ વાળી નોટીસ આપવામાં આવેલ હતી છતાં આ કામના પ્રતિવાદી બાકી લ ેણાં કંપનીમાં ભરેલ નથી.

(૯) આમ, આ કામના વાદીએ સોંગદ ઉપર જુબાની આપેલ છે અને ઉપરોકત જણાવ્યા મુજબના તેના સમર્થનમાં વાદી તરફે આંકે પાડવાની અરજી તથા વીજ બીલનું સ્ટેટમેન્ટ તથા વકીલ મારફત આપેલ નોટીસ તથા પરત આવેલ પોસ્ટનું કવર તથા પ્રો–ફોર્મ–૧૨ રજુ રાખેલ છે તેને પ્રતિવાદી તરફે હાજર થઈ પડકારેલ

નથી.

(૧૦) આમ, વાદી તરફે મૈખીક તથા ઉપરોકત દસ્તાવેજી પુરવાના પ્રતિવાદી હાજર થઈ પડકારેલ નથી. આથી વાદી કંપનીના બાકી વીજ બીલની લેણી રકમ નીકળે છે તે હકીકતને પ્રતિવાદી તરફે પડકારેલ નથી. આ કામે પ્રતિવાદીને વકીલ મારફત નોટીસ આપવા છતાં તથા આ કામે દાવા સમન્સ બજવા છતાં હાજર થઈને વાદીની હકીકતને પ્રતિવાદી તરફે પડકારેલ નથી. આથી, વાદી કંપનીના પ્રતિવાદી પાસે થી લેણી રકમ બાકી નીકળે છે ન માનવાને કોઈ કારણ નથી.

(૧૧) આમ, આ ઉપરોકત તમામ દસ્તાવેજી પુરાવો જોવામાં આવે તો સૌપ્રથમ પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે એ હકીકત ઘ્યાને લેવાની રહે છે કે જે દાવો લઈને આવેલ છે તેને વાદી ઘ્વારા સોગંદ ઉપરની જુબાનીમાં સમર્થન પ્રાપ્ત થાય છે કે નહીં અને સાથે વાદી તે તમામ હકીકતો દસ્તાવેજી પુરાવાથી સાબીત કરી શકેલ છે. વિશેષમાં જયારે પ્રતિવાદી ઘ્વારા વાદીની ઉલટતપાસ કરવામાં આવેલી ન હોય ત્યારે વાદી સોગંદ ઉપર જે જણાવે તે તમામ હકીકત સામાન્ય સંજોગોમાં માની લેવાની રહે છે. હાલના કેસની હકીકતો ઘ્યાને લેવામાં આવે તો વાદી પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જે હકીકત જણાવે છે તેને રેકર્ડ ઉપર દસ્તાવેજી પુરાવાથી  સમર્થન પ્રાપ્ત થાય છે. એ હકીકત નિર્વિવાદ છે કે, વાદી ઘ્વારા રજુ થયેલ  એરીયર્સ તથા ડી.પી.સી. સ્ટેટમેન્ટ રજુ થયેલ છે, જે મુજબ પ્રતિવાદી ઉપર વીજ વપરાશની રકમ રૂ.૧૬,૮૭૭.૫૪/- (અંકે રૂપિયા સોળ હજાર આઠસો સીત્યોતેર અને ચોપન પૈસા પુરા) જેવી બીલની રકમ બાકી રહે છે તેવું જણાવે છે તેમજ વાદી ઘ્વારા પ્રતિવાદીને વીજ

વપરાશની લેણી રકમની નોટીસ આપવામાં આવેલી તે હકીકત પણ વાદી સાબીત કરી શકેલ છે. તે સંજોગોમાં વાદી પોતાનો કેસ પ્ર તિવાદી ધ્વારા કાયદેસરના વીજ મીટર ધ્વારા વપરાશ કરવામાં આવેલ વીજ વપરાશની થતી બાકી લેણી રકમનો દાવો પોતાની તરફેણમાં પુરાવાથી સાબીત કરી શકેલ છે તેમ આ અદાલત માને છે. તેથી આ મુદા નં.૧ અને ર નો જવાબ તે રીતે હકારમાં આપવામાં આવે છે.

**મુદૃા નં– ૩ અને ૪ અને ૫ સંબધેની ચર્ચા**

(૧૨) આ કામે મુદૃા નં– ૩ અને ૪ સાબીત કરવાની જવાબદારી વાદીના ઉપર રહેલી છે. હાલના કામે વાદી ધ્વારા જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તે તમામ પુરાવો ઘ્યાને લેવામાં આવે તો વાદી ધ્વારા રેકર્ડ ઉપર એવો કોઈ પુરાવો રજુ થયેલ નથી કે જેના આધારે એવું સુનિશ્ચિત થઈ શકે કે વાદી અને પ્રતિવાદી વચ્ચે જે વીજ વપરાશનો ટ્રાન્જેકશન થાય તે વીજ વપરાશની રકમ પ્ર તિવાદી ધ્વારા ભરવામાં ન આવે તો પ્રતિવાદીએ તેની ઉપર વ્યાજ ભરવુ પડે. આ સંજોગોમાં વાદી અને પ્રતિવાદી વચ્ચે કોઈ વ્યાજ ચુકવવા અંગેનો કોઈ કરાર રેકર્ડ ઉપર ન હોઈ વાદી માંગ્યા મુજબ વ્યાજ મેળવવા હકકદાર થતા નથી, પરંતુ જયારે વાદી અને પ્રતિવાદી વચ્ચે જે વહેવાર થયેલ છે અને તેઓના ટ્રાન્જેકશનના આધારે લેણી રકમ થયેલ છે તે સંજોગોમાં સીવીલ પ્રોસીજર કોડની કલમ–૩૪ અને ઈન્ટરેસ્ટ એકટની જોગવાઈઓ ઘ્યાને લેતાં વાદીને યોગ્ય ટકાના દરે વ્યાજ અપાવવો તે જરૂરી છે. વિશેષમાં એ હકીકત પણ ઘ્યાને લ ેવાની છે કે વાદી એ જાહેર હિતમાં કાર્ય કરતી કંપની છે, અને તેની રકમ જો આ રીતે વણ ચુકવાયેલ રકમની રીતે પડી રહે તો વાદી ઉપર

ઘણો મોટો બોજો પડે તેમ છે. આ પ્રકારે વાદીને વ્યાજ મળી રહે તે પ્ર જાકીય કામમાં અને પ્રજાને વધુ સારી સુવિધા પુરી પાડવા માટે થઈ શકે, તેમજ આ પ્રકારે પ્રતિવાદી દ્વારા સમયસર ચુકવણી ન કરવાને કારણે વાદીને વ્યાજનું પણ નુકસાન થયેલ છે કે, જે અન્ય જગ્યાએ આ રકમને ઈન્વેસ્ટ કરી તેના ઉપર આવક મેળવી શકેલ હોત. તે હકીકતને ધ્યાને રાખી જો વાદી કંપનીને લેણી રકમ રૂ.૧ ૬,૮૭૭.૫૪/- (અંકે રૂપિયા સોળ હજાર આઠસો સીત્યોતેર અને ચોપન પૈસા પુરા) ઉપર ૯ % ના વ્યાજનો દર આપવામાં આવે તો તે દરેક રીતે ન્યાયી ગણાશે. આથી વાદી કંપની સદરહુ મંજુર કરેલ રકમ ઉપર ૯ % વ્યાજના દર મેળવવા હકકદાર બને છે તેમ આ અદાલત માને છે. આમ, આ મુદ્દાની હકીકતો વાદીએ અં શત: સાબીત કરી શકેલ હોય આ મુદા નં.૩,૪ નો જવાબ અંશત: હકારમાં આપવામા આવે છે  અને મુદ્દા નં. પરત્વે  ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-<u>::આખરી હુકમ ::-</u>**

(૧) વાદીનો દાવો આથી **અંશત: મંજુર** કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીને રકમ રૂ.૧૬,૮૭૭.૫૪/- (અંકે રૂપિયા સોળ હજાર આઠસો સીત્યોતેર અને ચોપન પૈસા પુરા) વસુલ આપવા અને દાવા તારીખથી તે રકમ વસુલ થતાં સુધી મંજુર કરેલ લેણી રકમ રૂ.૧૬,૮૭૭.૫૪/- (અંકે રૂપિયા સોળ હજાર આઠસો સીત્યોતેર અને ચોપન પૈસા પુરા) પર વાર્ષિક ૯

(નવ)ટકાનાં દરે વ્યાજની રકમ  સહિત ચુકવી આપવા તેવો આથી, હુકમ કરવામાં આવે છે.

(૩) વાદીના દાવાનુ ખર્ચ પ્રતિવાદીએ ભોગવવું અને પ્રતિવાદીએ પોતાનું ખર્ચ  જાતે ભોગવવું.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તા. ૨૧ મી, માહે–ફેબ્રુઆરી, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

તા. ૨૧/૦૨/૨૦૨૬

મુ. ભચાઉ–કચ્છ.

**(નરેશકુમાર રામજીભાઈ પટેલ)**

**અધિક સીનીચર સિવીલ જજ**

**ભચાઉ–કચ્છ.**

**GJ-01417**